# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૭/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

Patil
(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં જીએફઆરઆરસી દ્વારા 'સુરત ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનું ભવિષ્ય' ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા ગતરોજ સમૃદ્ધિ નાનપુરા સુરત ખાતે 'ફયુચર ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે નિહારીકા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા.લિ.ના ડાયરેકટર શ્રી વૈભવ કનોડીયાએ 'ડિજીટલ પ્રિન્ટીંગ', સુરત એપેરલ એકેડમીના પ્રોપ્રાઇટર ડો. બંદના ભટ્ટાચાર્યએ 'સુરત ફેબ્રિકસમાંથી ગારમેન્ટ' અને ટેક્ષ્ટાઇલ ગ્રાફ મેગેઝીનના એડીટર શ્રી અમરીષ ભટ્ટે 'સુરત ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના એકંદરે વિકાસ' ઉપર ચર્ચા કરી હતી. ચર્ચાને અંતે હિમસન ગૃપના ડાયરેકટર શ્રી રજનીકાંત બચકાનીવાલાએ પેનલ ડિસ્કશન દરમિયાન કરવામાં આવેલી ચર્ચાનો ટૂંકમાં સાર રજૂ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, વિશ્વમાં સુરતનું ફેબ્રિક ૧૧મા સ્થાને હતું જે વર્ષ ૨૦૧૮–૧૯માં ૮માં સ્થાને આવી ગયુ છે. આ વર્ષે યાર્નનું પણ હાઇએસ્ટ એક્ષ્પોર્ટ થયુ હતુ. ભવિષ્ય માટે જરી અને યાર્ન કન્સર્ન છે. સુરતના જરી અને યાર્નને ટોપ થ્રીમાં લાવવા માટે પ્રયાસ કરવાનો છે.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં વિશ્વના માર્કેટમાં કયો ટ્રેન્ડ ચાલી રહયો છે તેના વિશે તથા અદ્યતન ટેકનોલોજી વિશે સુરતના ઉદ્યોગકારોને માહિતી મળી રહે તે માટે વિવિધ સેમિનાર યોજવામાં આવે છે. જેથી કરીને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના લોકોને લાભ થઇ શકે.

શ્રી અમરીષ ભટ્ટે જણાવ્યુ હતુ કે સુરતના ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય ગઇકાલ અને આજ પર નિર્ભર છે. સારા ભવિષ્ય માટે હવે કવોન્ટીટી નહી પણ કવોલિટી ઉપર ઘ્યાન આપવું પડશે. ઓવર પ્રોડકશનને કારણે ઘણીવાર મંદી મંદીની બુમો પડે છે. ૮૦ના દાયકામાં સારા યાર્ન સાથે પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી ઘણી વિકસી હતી. ત્યારબાદ ગ્લોબલાઇઝેશને પ્રોસેસર્સને જગાડયા હતા. સુરતના કાપડ ઉદ્યોગને વેગ આપવા માટે સરકારે ટેકનોલોજી અપગ્રેડેશન ફંડની શરૂઆત કરી હતી. વચ્ચે એમ્બ્રોઇડરી મશીનરી આવી અને વેપારીઓએ સારી કમાણી

કરી. શટલ લેસ વિવિંગ અને ટીએફઓના આગમન બાદ વેપારીઓએ સારો બિઝનેસ કર્યો. પણ હવે મોર્ડનાઇઝેશનની માનસિકતા સાથે આગળ વધવુ પડશે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની સ્ટ્રેન્થ, વીકનેસ, ઓપોર્ચ્યુનીટી અને થ્રેટ્સનો અભ્યાસ કરીને ચાલવુ પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સુરતની વિવિંગમાં સ્ટ્રેન્થ છે પણ માર્કેટીગ સ્ટ્રેટેજી બદલવી પડશે. સુરતની બ્રાન્ડ વિશ્વના માર્કેટમાં ફેઇલ શા માટે થાય છે તેનું કારણ શોધવુ પડશે. સેલ્સ ઓરીએન્ટેડમાંથી બહાર નીકળીને માર્કેટ ઓરીએન્ટેડ પીપલ બનવુ પડશે. પોલીસ્ટર યુગે કમાણી આપી પણ હવે યુગ બદલાયો છે. વિશ્વને જે જોઇએ છે તે બનાવવુ પડશે. વર્લ્ડની ટેકનીક, ટેકનોલોજી, માર્કેટીગ સ્કીલ, રાઇટ એપ્લીકેશન, બ્રાન્ડીગ વિગેરેનો અભ્યાસ કરવો પડશે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનો જથ્થાત્મક વિકાસ થયો છે પણ ગુણાત્મક વિકાસ તરફ જવુ પડશે.

ડો. બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યુ હતુ કે ચાઇના બાદ ભારતની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી વિશ્વમાં મેન્યુફેકચરીગમાં બીજા નંબરે આવે છે. એક્ષ્પોર્ટ અને ફોરેન એક્ષચેન્જમાં ઇન્ડીયન ઇકોનોમીને ફાયદો થાય છે. હવે ગ્લોબલ બાયર્સ ભારત તરફ જોઇ રહયાં છે. આથી સુરતના ઉદ્યોગપતિઓએ પણ ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ઝંપલાવવુ જોઇએ. ગારમેન્ટમાં જવા માટે ટેકનીકલ નોલેજ મેળવી બેકવર્ડ ઇન્ટીગ્રેશન કરવુ પડશે. ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ફેશન બદલાતી રહે છે. બજારમાં ચાલતી ફેશન મુજબની પ્રોડકટ આપણે બનાવીને માર્કેટમાં મુકીએ એટલા સમયમાં તો ફેશન બદલાઇ જતી હોય છે. કમનસીબે સુરતમાં જે બને છે તેની ભારતમાં જ સ્વીકાર્ય ઓછી હોય છે ત્યારે ગ્લોબલ માર્કેટ સુધી પહોંચવા માટે ગારમેન્ટમાં નવીનીકરણ જરૂરી હોય છે.

શ્રી વૈભવ કનોડીયાએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીમાં ઇનડિસીપ્લીનને કારણે સમસ્યા ઉદ્ભવે છે. લોકો સમજયા વગર બિઝનેસ શરૂ કરી દે છે. ડિજીટલ પ્રિન્ટીગ વિશે તેમણે કહયુ કે કન્વેશનલ પ્રિન્ટીગમાં ૩૫ કલર્સ હોય છે પણ ડિજીટલ પ્રિન્ટીગમાં માત્ર ૪ કલર જોઇએ છે. પ્રિન્ટીગ માટે પહેલા કપડું આવતુ હતુ, પછી કાગળ આવતો અને હવે નંબર આવે છે. આ બધી ટેકનોલોજી છે. ડિજીટલ પ્રિન્ટીગમાં જે લોકો સમજીને બિઝનેસ કરે છે તેઓ વિકસી રહયાં છે. કન્વેશનલ ધીમે ધીમે બંધ થઇ જશે. ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીમાં ડિજીટલ પ્રિન્ટીગ એ ભવિષ્યની જરૂરિયાત છે. એ પોલ્યુશન અને મેનપાવર ઘટાડી દેશે પણ સ્કીલથી કામ કરવુ પડશે. ડિજીટલમાં ખૂબ જ ઝડપથી હાયર કેપીસીટીવાળી મશીનરી આવી રહી છે. તેમણે વધુમાં કહયુ કે, માસમાં તમે ટર્નઓવર બતાવી શકો પણ યોગ્ય પ્રોડકશનમાં પ્રોફીટ જોઇ શકશો.

પેનલ ડિસ્કશનમાં કરાયેલી ચર્ચાને અંતે નિષ્ણાત વકતા તરીકે શ્રી રજનિકાંત બચકાનીવાલાએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ લીડીગ સેગ્મેન્ટ રહયુ છે અને આગળ પણ રહેશે. એ ફેબ્રિક અને એપેરલમાં વહેંચાયેલો છે. આપણો ફોકસ હવે એપેરલમાં હોવો જોઇએ. ડોમેસ્ટીક માર્કેટ વિશાળ છે. આથી વર્લ્ડ માર્કેટમાં આગળ જતા નથી. પણ સુરતે અવેર થઇને આગળ વધવુ પડશે. ઇન્ડસ્ટ્રી ૪.૦ નો અભિગમ અપનાવવો પડશે. અન્ય દેશો કે જે વિશ્વના માર્કેટમાં ભારત કરતા ઘણા આગળ છે તેઓ ટેકનીકલ ટેક્ષટાઇલમાં જતા રહયાં છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં આપણે ત્યાં સુધી પહોંચીશું.

તેમણે વધુમાં કહયુ હતુ કે, ટેકનીકલ ટેક્ષટાઇલમાં ઇન્વેસ્ટમેન્ટ ખૂબ જ મોટુ હોય છે. આથી બધાએ ભેગા થઇને ટેકનીકલ ટેક્ષટાઇલમાં જવુ જોઇએ. હવે સમય આવી ગયો છે કે ઇનોવેશન અને ઈન્વેન્શનમાં રોકાણ કરવુ પડશે. એના માટે ઇન્ટ્રીગેશન ઓળખવાની જરૂર છે, લાર્જર બાસ્કેટ ઓફ ફાઇબર, સુરતના કાપડ ઉદ્યોગે એપેરલમાં જવુ પડશે, બ્રાન્ડીગ કરવુ પડશે અને સુરતને બાઇંગ હબ બનાવવા માટે બાયર – સેલર મીટનું આયોજન કરવુ પડશે.

પેનલ ડિસ્કશનમાં જીએફઆરઆરસી કમિટીના કો–ચેરમેન શ્રી હિમાંશુ બોડાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાઓએ ઉદ્યોગપતિઓ અને વેપારીઓના સવાલોના જવાબ આપ્યા હતા. જીએફઆરઆરસી કમિટીના એડવાઇઝર શ્રી મહેન્દ્ર કાજીવાલાએ સર્વેનો આભાર વ્યકત કર્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.